**<u>ક્રો.પ.અ નં ૨૭૯૫/૨૦૨૬ – રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં.૧૧ ૨૦૮૦૫૫૨૬૦૧૯૭/૨૦૨૬,જુગાર અટકાયતી અધિનીયમ કલમ–૧૨એ મુજબના ગુન્હાના કામે અરજદાર અશ્વિનભાઈ જેઠાભાઈ સીદપરા રહે. કોઠારીયા ગામ, શિવ ભવાની ચોક, શિવ ભવાની સોસાયટી, રાજકોટ નાઓની મુદ્દામાલ અરજી લગત હુકમ :–</u>**

(૧) હાલની અરજી અરજદાર **અશ્વિનભાઈ જેઠાભાઈ સીદપરા રહે. કોઠારીયા ગામ, શિવ ભવાની ચોક, શિવ ભવાની સોસાયટી, રાજકોટ** નાઓએ **ડી.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં .૧૧૨૦૮૦૫૫૨૬૦૧૯૭/૨૦૨૬, જુગાર અટકાયતી અધિનીયમ કલમ–૧૨એ** મુજબના ગુન્હાના કામે કબજેલેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ **સેમસંગ SAMSUNG કંપનીનો S–24 મોડલનો ફોન** છે, તે વચગાળાની કસ્ટડીએ પરત મેળવવા અં ગે તા.૦૭/૦૫/૨૦૨૬ ના રોજ અરજી આપેલ છે અને અરજી સાથે અરજદારે મોબાઈલના બીલની નકલ, આધારકાર્ડની ઝેરોક્ષ, એફ.આઈ.આર અને GST સર્ટીફીકેટ રજુ રાખેલ છે. જે ધ્યાને લીધા. અરજદારના વિ.વ.શ્રીને તેમજ વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) સદર અરજી આવતા તપાસ કરનાર અમલદારને અભિપ્રાય તથા પંચનામાની કોપી રજુ કરવા યાદી કરેલ. તપાસ કરનાર અધિકારીએ આકામે અરજદાર/આરોપીને મુદ્દામાલ મોબાઈલ ફોન સોપવામાં આવે તો તે સદર મોબાઈલ અન્ય કોઈને વેંચી નાખે તેવી તેમ જ અન્ય કોઈ ગુન્હામાં અથવા આવા ગુન્હામાં ઉપયોગ કરે તેવી પુરેપુરી શકયતા રહેલી હોય મુદ્દામાલ મોબાઈલ પરત નહિ સોંપવા અભિપ્રાય આપેલ છે.

(૩) અરજદાર દવારા મુદ્દામાલ મોબાઈલનું બીલ 'મેહુલ ટેલીકોમ' પી.વી.ટી.એલ.ટી.ડી. સોપ નં. ૧૨એ, લેન્ડમાર્ક, સરદાર નગર મેઈન રોડ, એસ્ટ્રોન ચોક રાજકોટ. જે વંચાણે લેતાં મુદ્દામાલ મોબાઈલના ઓનર તરીકે હાલના અરજદારનું નામ જણાય આવે છે. જેથી મુદ્દામાલ મોબાઈલની માલિકી પ્રથમદર્શનીય રીતે અરજદારની જણાય આવે છે. ત્યારબાદ હાલના કામે ગુન્હાની જોગવાઈઓ તથા નામ. સુપ્રિમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩(૨) જી.એલ.આર. ૧૩૩૭ ના ચુકાદાને વંચાણે લેતા તથા અરજદાર નામ. કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી હોય અને મુદ્દામાલ મોબાઈલ

ઈલેકટ્રોનિક આઈટમ હોય પોલીસસ્ટેશનમાં બિનવપરાશી પડી રહે તો મોબાઈલ ફોનને નુકશાન થવાની શકયતા હોય અને અરજદારને ખોટી મુશ્કેલી વેઠવી પડે તેમ હોય સદરહુ મુદ્દામાલ મોબાઈલ અરજદારને વચગાળાની કસ્ટડીમાં નીચેની શરતોને આધીન સોપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે. **ડી.સી.બી.પો.સ્ટે.ગુ.ર.નં.૧૧ ૨૦૮૦૫૫૨૬૦૧૯૭/૨૦૨૬, જુગાર અટકાયતી અધિનીયમ કલમ–૧૨એ** મુજબના ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ **સેમસંગ SAMSUNG કંપનીનો S–24 મોડલનો ફોન મોડલનો ફોન** તે અરજદાર **અશ્વિનભાઈ જેઠાભાઈ સીદપરા** નાઓને મુદામાલ પાવતીમાં જણાવેલ કિંમત થી દોઢી રકમના બોન્ડ તથા જામીન આ પ્યેથી વચગાળાની કસ્ટડીએ નીચેની શરતોએ સુપ્રત કરવા હુકમ કરવામાં આવે છે.

**//શરતો//**

/૧/ અરજદારે સદરહુ મુદ્દામાલ મોબાઈલ તપાસ કરનાર અમલદાર તથા નામદાર કોર્ટ ફરમાવે ત્યારે સદરહુ મુદ્દામાલ મોબાઈલ રજુ રાખવાનો રહેશે.

/૨/ અરજદારે સદરહુ મુદામાલ મોબાઈલ કોઈપણ રીતે વેચાણ, બક્ષીસ, ગીરો, ટ્રાન્સફર કે એસાઈન કરવું નહીં.

/૩/ અરજદારે સદરહુ મુદામાલ મોબાઈલનો ઉપયોગ ગુન્હાહિત પ્રવૃતિમાં કરવો/કરાવવો નહિ.

/૪/ અરજદારે સદરહુ મુદામાલ મોબાઈલની ઓળખ બદલાય તેવી કોઈ પ્રક્રિયા કરવી નહીં અને યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવી.

/૫/ તપાસ કરનાર અધિકારીએ સદરહુ મોબાઈલની યોગ્ય ખરાઈ કરી અરજદારને પરત સોપવો.

/૬/ હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનને યાદીથી કરવી.

અરજદારે બોન્ડ તથા જામીન સબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા.

હુકમ આજરોજ તારીખ ૦૮–૦૬–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સુનંદા પ્રશાંત દુલેરા)**
ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,
રાજકોટ
કોડ નં.GJ00887